# રાજ્યમાં નવા ૩૬૩ કેસ, ૨૯ મૃત્યુ

## ૩૬૩ નવા કેસ સામે ૩૯૨ દર્દીને ડિસ્ચાર્જ કરાયા : અમદાવાદમાં ૨૭૫, સુરતમાં ૨૯, વડોદરામાં ૨૧ કેસ સપાટીએ : રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૮૦૨ ઉપર થયો છે


ગાંધીનગર,તા.૨૨

કોરોનાની મહામારી દિવસેને દિવસે વધતી જઈ રહી છે. કોરોનાના કારણે સરકાર પણ લોકોને સાવચેત રહેવાની સૂચનાઓ વારંવાર આપી રહી છે. બહારથી આવ્યા પછી હાથ ધોવા, દિવસમાં બે કે ત્રણ વખત ઉકાળો પીવાનું કહેવામાં આવ્યું છે. નાના બાળકો અને વૃદ્ધ વ્યક્તિને બહાર જવા ના દેવા. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૬૩ દર્દી નોંધાયા છે અને ૨૯ના મોત થયા છે. જ્યારે ૩૯૨ દર્દી ડિસ્ચાર્જ થયા છે. આમ અત્યાર સુધીમાં બીજીવાર કેસ ઓછા અને ડિસ્ચાર્જ વધુ નોંધાયા છે. તેમજ અત્યાર સુધીમાં કુલ ૧૩,૨૭૩ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૮૦૨ થયો છે. નવા નોંધાયેલ કેસોમાં અમદાવાદમાં ૨૭૫, સુરતમાં ૨૯, વડોદરામાં ૨૧, સાબરકાંઠામાં ૧૧, સુરેન્દ્રનગરમાં ૫, ગીરસોમનાથમાં ૪, ગાંધીનગર, ખેડા, કચ્છ અને જુનાગઢમાં ૩-૩, આણંદ અને મહેસાણામાં ૨-૨, રાજકોટ અને વલસાડમાં ૧-૧ કેસો સપાટીએ આવ્યા છે. જ્યારે ૬૩ દર્દીઓ વેન્ટીલેટર ઉપર છે.

છેલ્લા ૨૪ કલાકમાં મૃત્યુ થયેલામાં અમદાવાદમાં ૨૬, ગાંધીનગરમાં ૨ અને ખેડામાં ૧ મળીને કુલ ૨૯ લોકોના મૃત્યુ થયા છે. રાજ્ય સરકારે એક જાહેરનામું બહાર પાડ્યું. જે મુજબ લોકડાઉન ૪.૦માં જીવન જરૂરી વસ્તુઓની દુકાનો રોજ ખોલ શકાશે. એટલું જ નહીં, હાઈવે પરના તમામ પેટ્રોલ પંપ સમયની પાબંધી વગર ૨૪ કલાક ચાલુ રહેશે. સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે તે માટે દુકાનોમાં પાંચથી વધુ ગ્રાહકોને એન્ટ્રી નહીં આપવામાં આવે તેવી પણ સરકાર દ્વારા તાકિદ કરવામાં આવી છે. જો કોઈપણ દુકાનદાર આ નિયમોનું પાલન નહીં કરે તો તેની સામે સખત પગલાં લેવામાં આવશે. રાજ્યમાં બીજી વખત એવું બન્યું છે કે, કેસો કરતા ડિસ્ચાર્જ કરવામાં આવેલા દર્દીઓની સંખ્યા વધારે નોંધાઈ છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૯૭૨૪ | ૬૪૫ | ૩૬૫૮ |
| સુરત | ૧૨૫૬ | ૫૭ | ૮૫૦ |
| વડોદરા | ૭૭૧ | ૩૫ | ૪૭૫ |
| ગાંધીનગર | ૨૦૧ | ૧૦ | ૧૦૪ |
| ભાવનગર | ૧૧૪ | ૦૮ | ૮૬ |
| બનાસકાંઠા | ૯૯ | ૦૪ | ૭૮ |
| આણંદ | ૮૭ | ૦૯ | ૭૫ |
| રાજકોટ | ૮૩ | ૦૨ | ૫૫ |
| અરવલ્લી | ૯૩ | ૦૩ | ૭૬ |
| મહેસાણા | ૯૫ | ૦૪ | ૫૧ |
| પંચમહાલ | ૭૨ | ૦૬ | ૬૧ |
| બોટાદ | ૫૬ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૭૭ | ૦૧ | ૪૦ |
| ખેડા | ૫૭ | ૦૨ | ૨૮ |
| પાટણ | ૬૯ | ૦૪ | ૨૬ |
| જામનગર | ૪૬ | ૦૨ | ૨૬ |
| ભરૂચ | ૩૭ | ૦૩ | ૨૮ |
| સાબરકાંઠા | ૬૩ | ૦૩ | ૨૦ |
| ગીર-સોમનાથ | ૩૮ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૩૨ | ૦૦ | ૧૮ |
| છોટાઉદેપુર | ૨૨ | ૦૦ | ૧૭ |
| કચ્છ | ૬૪ | ૦૧ | ૦૬ |
| નર્મદા | ૧૫ | ૦૦ | ૧૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૦૪ |
| વલસાડ | ૧૮ | ૦૧ | ૦૪ |
| નવસારી | ૧૪ | ૦૦ | ૦૮ |
| જૂનાગઢ | ૧૮ | ૦૦ | ૦૪ |
| પોરબંદર | ૦૫ | ૦૦ | ૦૩ |
| સુરેન્દ્રનગર | ૨૧ | ૦૦ | ૦૩ |
| મોરબી | ૦૨ | ૦૦ | ૦૨ |
| તાપી | ૦૩ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૦૨ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૫ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૩૨૭૩** | **૮૦૨** | **૫૮૮૦** |




કોરોના વાઈરસને લીધે સમગ્ર દેશમાં છેલ્લા કેટલાય દિવસથી લૉકડાઉન જાહેર થતાં ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા હતા. ગુજરાત સરકાર દ્વારા લોકડાઉંન ૪ ને નવા રૂપ રંગ સાથે શરતો આધીન વ્યાપાર રોજગારમાં છુટછાટ આપવામાં આવી છે. અરવલ્લી જિલ્લામા પણ વ્યાપાર રોજગાર ફરીથી ધમધમવા લાગ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લાનો સોના ચાંદીના ઘરેણાંનો ફાઈન જ્વેલર્સ શોરૂમ પણ સરકારના નિયમો પ્રમાણે ગ્રાહકો માટે સેનેટાઈઝર મશીન સહિત અન્ય સુવિધાઓ સાથે ફરીથી ધમધમવા લાગ્યો છે.



### ખેડબ્રહ્મા ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સનું ગૌરવ

ખેડબ્રહ્મા ધોરણ ૧૨ સાયન્સનું રિઝલ્ટ પ્રસિદ્ધ થતા જેમાં ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સ ખેડબ્રહ્મા સ્કુલના ચૌધરી ફોરમબેન વિજયકુમાર પ્રથમ સ્થાન, વીલ્સુ ભદ્રેસભાઈ બીજું સ્થાન, નંદની દિનેશભાઈ તૃતિય સ્થાને મેળવેલ છે તેમજ આ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારના ટ્રસ્ટી દિનેશભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલ, શાળાના પ્રિન્સિપાલ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

## તલોદમાં તમાકુના બનાવટોનું ધુમ કાળા બજાર, પુરવઠાતંત્રની સાંઠગાંઠની શંકા

તલોદ, તા. ૨૨

કોરોના મહામારી અન્વયે પ્રથમથી જ અમલી આવેલા લોકડાઉન પછી તમાકુની બનાવટીના બંધારણીઓનો મજબૂરીનો ભરપૂર ફાયદો ઉઠાવી કેટલાક લેભાગુ તત્વો દ્વારા અનેકગણો ભાવ વસુલ કરાય છે. જે આજદિન સુધી કાર્યરત રહ્યુ છે. હાલમાં લોકડાઉન ચાર પછી પણ રાજ્ય સરકારે પાન-મસાલામાં છુટછાટ આપ્યા પછી પણ કાળા બજારીયો બંધારણીઓ પાસેથી રોકડી કરી લેવાની તક હજુ પણ છોડતા નથી. આ અંગે પૂર્વતંત્ર આંખ આડા કાન કરતું હોવાનું અને સાંઠગાંઠ હોવાનું પણ શંકાઓ બજારમાં સેવાઈ રહી છે.

લોકડાઉન ચાર પછી આપેલી છુટછાટ બાદ અમદાવાદ સહિતના જથ્થાબંધ વેપારીઓએ તમાકુની બનાવટોના મામલને છુટથી અને મૂળ કિંમતે વેચાણ કરવાનું ચાલુ કર્યુ છે. છતાં તલોદમાં હજુ પણ આ બનાવટો ઉપર વધારે ભાવ લઈ ધુમ કાળા બજાર કરી બંધારણીઓની આ ખરાબ આદતોની ગેરફાયદો ઉઠાવી રહ્યા છે. જેમાં ૧૩૫ નો ડબ્બો ૨૦૫ છે જેના બદલે ૪૦૦ થી ૫૦૦ લેવાય છે. ૧ ઝુડી બિડી ૨૦ નાબદલે ૪૦ લેવાય છે. બુધાલાલ ૬ ના બદલે ૪૦ લેવાય



છે. સોપારી ૩૯૦ ના ૫૦૦ થી ૬૦૦ લેવાય છે. વિમલ ૫ બાધાના ૧૨૫ના ૨૦૦ લેવાય છે. આવી તમાકુની અનેક બનાવટોમાં ધૂમ કાળાબજાર થઈ રહ્યું છે. આમ બંધારણીઓ પણ માલની કુત્રીમ અછતનો ભોગ બની ઉંચા ભાવે ખર્ચી પોતાની આ કુટેવોને સંતોષી રહ્યા છે.

આ અંગે પૂરવઠાતંત્ર દ્વારા કોઈજ અસરકારક પગલા ન લઈ થતા કાળા બજારને પ્રોત્સાહન આપતા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. કેટલાક બંધારણીઓએ આક્ષેપ પણ કર્યો છે કે જથ્થાબંધ વેપારીઓ સાથે પૂરવઠાતંત્રએ સાંઠગાંઠ કરી હોવાથી જ આવું બની શકવાની સંભાવના છે તો આ અંગે રાજ્યના નાગરીકોનો વધારાના નાણાનો દૂર વ્યય અટકાવી તલોદમાં થતાં આ કાળાબજારને નાથવા ખાનગીમાં દરોડા પાડવામાં આવે તો મસમોટુ કૌભાંડ બહાર આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

### રેપો રેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયાના રિફાઈનાન્સિંગની જોગવાઈ કરી હતી. ઈમ્ના ગવર્નર શક્તિકાંતા દાસે લોન મોરેટિયમનો સમયગાળો વધુ ૩ માસ એટલે કે ૩૧ ઓગસ્ટ સુધી લંબાવ્યો હતો. જોકે આર્થિક બાબતોના નિષ્ણાંતોના મતે, આ જાહેરાત બાદ બેંકોને મોટો ફટકો પડ્યો છે. કેમ કે લોનરૂપે આપેલી પોતાની મૂડી પછી મેળવવા જહેમત કરી રહેલ બેંકોએ હવે ઈર્ઈ—હપ્તા બાબતે પણ નુકશાન સહન કરવાનો વારો આવી શકે. સતત બે મહીનાના લોકડાઉનથી દેશમાં આર્થિક ગતિવિધિઓ ખરાબ રીતે પ્રભાવિત થઈ છે.

શક્તિકાંતા દાસે વિવિધ બેંકોમાંથી લોન લેનાર લોનધારકોને રાહત આપતા વધુ ત્રણ માસ લોન-ઈર્ઈ ચૂકવવા માટે સમય આપ્યો હતો. આ અગાઉ લોકડાઉનની શરૂઆતમાં તેઓએ પત્રકાર પરિષદ યોજીને લોકડાઉનના સમયગાળા દરમિયાન લોનધારકોને રાહત આપવા માટે ૧લી માર્ચથી ૩૧મી મે, ૨૦૨૦ સુધી તમામ લોનના હપ્તાની ચૂકવણીમાં રાહત આપી હતી. આજે જાહેર થયા મુજબ રિઝર્વ બેંકે લોન મોરેટોરિયમને વધુ ૩ મહિના માટે લંબાવ્યું છે. હવે લોનધારકોએ ઈર્ઈ ચૂકવવા માટે વધુ ત્રણ મહિના એટલે કે ૩૧ ઓગસ્ટ, ૨૦૨૦ સુધી રાહત મળી છે. જો કે વ્યાજમાં રાહત મળી નથી. માત્ર તેમને ભપ્તા ભરવાની મુદત લંબાવી આપવામાં આવી છે.

તેમણે કોરોના લોકડાઉનનો ઉલ્લેખ કરીને કહ્યું કે સતત બે મહીનાના લોકડાઉનથી દેશમાં આર્થિક ગતિવિધિઓ ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. ઈમ્ સતત સ્થિતિ પર નજર રાખી રહી છે. ઈકોનોમિના તમામ ક્ષેત્રો પર અમારી ટીમની નજર છે. ઈન્ડસ્ટ્રીવાળા ટોપ-૬ રાજ્યોના મોટા ભાગના વિસ્તારો રેડ અને ઓરેન્જ ઝોનમાં છે. આ રાજ્યોની ઈન્ડસ્ટ્રીઓનું આર્થિક ગતિવિધિઓમાં ૬૦ ટકા કન્ટ્રીબ્યુશન હોય છે. કોરોનાની અસરને જોતા ૨૦૨૦-૨૧ના પ્રથમ છ મહિનામાં ય્ઙ્ઁ ગ્રોથ નેગેટિવ રહેવાનું અનુમાન છે. બીજા છ મહિનામાં કેટલીક તેજી આવી શકે છે. લૉકડાઉનના કારણે મોંઘવારી વધવાની આશંકા છે. દેશમાં રવિ પાક સારો થયો છે. સારા ચોમાસાથી ખેતીને ઘણી આશા છે. માંગ અને પૂરવઠા વચ્ચે સમતુલન ખોરવાની અર્થ વ્યવસ્થા ખોરંભે ચડી છે. સરકારના પ્રયત્નો અને રિઝર્વ બેંક તરફથી ઉઠાવવામાં આવેલા પગલાની અસર સપ્ટેમ્બર બાદ દેખાવાની શરૂ થશે. ૨૦૨૦-૨૧માં ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ૯.૨ અબજ ડોલરનો વધારો નોંધાયો. ભારતનું વિદેશી મુદ્રા ભંડાર અત્યારે ૪૮૭ બિલિયન ડોલરનું છે.

### ધનસુરા ખડાયતા સમાજનું ગૌરવ

તાજેતરમાં જાહેર થયેલ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં અરવલ્લી જિલ્લાના



ધનસુરાના અગ્રણી રાજેન્દ્રભાઈ મહેતાની દીકરી શ્રુતીબેનના પુત્ર ખુશે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૫.૧૭ ટકા મેળવી ગાંધીનગર અને ધનસુરા ખડાયતા સમાજ અને ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે. સિદ્ધિ બદલ ધનસુરાના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.

### ભાવસાર સમાજનું ગૌરવ

મોડાસા પ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ વાળા પ્રકાશભાઈ એ ભાવસાર ના સુપુત્ર સ્મિત પ્રકાશભાઈ ભાવસારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૯/૮૩ પર્સનટાઈલ



રેન્ક સાથે એ ગ્રુપમાં સમગ્ર અરવલ્લી જિલ્લામાં પ્રથમ સ્થાને રહી બાઈટ જુનિયર સાયન્સ કોલેજ તેમજ મોડાસા પ્રદેશ ભાવસાર સમાજનુ ગૌરવ વધારેલ છે તેને મોડાસા નગર તેમ જ ભાવસાર સમાજે બિરદાવી તેની શૈક્ષણિક કારકિર્દી ઉજ્વળ અને જવલંત બને તેવા શુભાશિષ પાઠવ્યા હતા.

### સિવિલની હાલત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરી પ્રયાસો કરવા જોઈએ તે ન કરાતાં લોકોમાં પણ આ મુદ્દો ચર્ચાનો મુદ્દો બની ઉભરી રહ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા કેસો કે શહેરમાંથી મળતા કેસો ગાંધીનગર સિવિલમાં ટ્રાન્સફર કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સિવિલમાં કોવિડ-૧૯ ને લઈ ચાલતી ઓપીડી તો અલગ જ.

સિવિલમાં સત્તાવાળાઓ સતત દર્દીઓને ક્યાં ટ્રાન્સફર કરવા, ક્યાં દાખલ રાખવા, દર્દીઓની સારવારમાં વિલંબ ના થાય તે જોવામાં જ સતત વ્યસ્ત રહેતા હોય છે. આ ઉપરાંત સરકારી બેઠકોનો દોર તો ખરો જ. ગાંધીનગર જિલ્લામાં આરોગ્યતંત્રની હાલત રાત નાની ને વેશ જાજા જેવી થઈ જવા પામી છે.

### ગરમીનો પ્રકોપ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિકળવાનુ પસંદ કરતા નથી જેના લીધે નગરના શોપિંગ બજારોમાં પણ સન્નાટો જોવા મળી રહ્યો છે. કોરોનાના કહેર વચ્ચે કામ સિવાય નાગરિકો ઘરની બહાર નિકળતા નથી પરંતુ ગરમીનો મિજાજ ઉગ્ર રહેતા બપોરના સમયે આમ પણ બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં સાંજ ઢળતા જ નગરનુ જનજીવન પણ પ્રભાવિત છે.લોકડાઉન યથાવત છે. ત્યારે ગરમીએ પણ નાગરિકોને ઘરમાં રહેવા જ મજબુર કર્યા છે. આકરી ગરમીના લીધે બહાર નિકળતા જ ચામડીના દાહ અનુભવાય છે. કોરોના અને હીટવેવથી બચવા માટે નગરજનોમાં લીંબુ શરબત ફેવરીટ છે. આજે પણ દિવસ દરમિયાન નગરના મુખ્યમાર્ગો પર સુનકાર છવાયેલો જોવા મળ્યો હતો જયારે સાંજ ઢળતા જ કરફયુની અસર વચ્ચે સૌ કોઈ ઘરમાં પુરાઈ ગયા હતા. દિવસે ગરમી અને રાત્રિના કોરોના કરફયુના લીધે શહેર આમ ધબકતુ પણ આમ સુનકાર જોવા મળી રહ્યો છે. છેલ્લા બે દિવસથી ગરમી પ્રકોપ પરાકાષ્ઠાએ છે. ગરમીથી જનજીવન ત્રાહીમામ છે.

### કોરોના સંકટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. પોલીસતંત્ર થાક્યું છે, આરોગ્યકર્મીઓ પણ બેચેન છે, નેતાઓ, અધિકારીઓ અને કર્મયોગીઓ પણ મુંઝવણમાં છે. આનો કોઈ અંત દેખાતો નથી. કેસ ઘટવાના કોઈ સંકેત વર્તાતા નથી. ઉલટાનું વ્યાપ અને વેગ વધતો જાય છે. મોતનો આંકડો બેચેન કરી નાંખે છે, ત્યારે આ કોરોનાનો કકળાટની વચ્ચે સામાજીક જીવનને પૂર્વવત કરવામાં ખુબ સમય થશે... ખુબ મહેનત કરવી પડશે... અને ભારે કિંમત ચુકવવી પડશે... એવા અણસાર ચોક્કસ અનુભવાય છે.

હા..! સંકટ મોટું પણ છે અને લાંબુ પણ છે પરંતુ ધીરજ રાખવી જ પડશે. 'ડર કે આગે જીત હૈ' એ માત્ર વાક્ય બોલવા માટે જ નથી જીવવા માટે પણ છે. વ્યક્તિગત જીવનથી લઈ સામાજીક જીવનના ખુણે ખુણે હતાશા-નિરાશાના જીવનના અંધકારને હટાવવા ભરપુર પ્રયાસો સમાજે અને શાસને કરવા જોઈએ. બબ્બે મહિનાથી કોરોનાનો ડર અને આર્થિક સંકડામણ વચ્ચે જીવતો મધ્યમવર્ગ ભારે સમસ્યાઓથી ઘેરાયો છે. નથી કોઈને કહી શકતો અને નથી શહન કરી શકતો. એવા મધ્યમવર્ગને સરકારે બેન્કોએ અને સમાજના શ્રેષ્ટિઓએ સાથે મળીને ઉપયોગી બનવાની જરૂર છે. અત્યારે તો દૂર દૂરના પેકેજોના બદલે સીધી સહાય આપવાની અનિવાર્યતા છે. પશ્ચિમના દેશોની જેમ મધ્યમવર્ગીય સમાજ માટે સીધી સહાયનું આયોજન કરાય તો સમાજની કરોડરજ્જુને બચાવી શકાય તેમ છે. કોરોનાનો ભય અને આર્થિક સંકડામણની વચ્ચે દરેકે દરેક વ્યક્તિ અસ્તિત્વનો જંગ લડે છે. આ જંગ સીધી રીતે આજે ભલે ન દેખાતો હોય... ના અનુભવાતો હોય પરંતુ આવતીકાલે બિહામણો બનીને ઉભો રહે એ વાત ચોક્કસ છે. હજ્જારો નાગરિકોની માનસિક સ્થિતિ ચિંતા ઉપજાવે તેવી બની રહી છે. આર્થિક ડામાડોળથી હજ્જારો લોકો આકુળવ્યાકુળ છે અને ત્રીજી તરફ જીવ અને જીવન બચાવવા ભારે મથામણ કરતો માનવ આકરી કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે.

## કોરોનાના કહેર વચ્ચે અરવલ્લીમાં તીડની દહેશતથી ખેડૂતો ચિંતિત

### મેઘરજ-ભિલોડાના સરહદી વિસ્તારોમાં ખેતીવાડી વિભાગના ધામા

મેઘરજ, તા. ૨૨

રાજ્યમાં કોરોનાનો કહેર અટકવાનું નામ નથી લઈ રહ્યો ત્યારે વધુ એક તીડ નામની આફત આવીને ઉભી છે. અત્યાર સુધી મચ્યો છે. જાણે કુદરત જ રૂઠી હોય એમ સુપર સાઈકલોન ત્રાટકી રહયા છે અને પુનઃ તીડ ત્રાટકવાનો ખતરો ઉભો થયો છે. રાજસ્થાનના દક્ષિણ-પશ્ચિમી વિસ્તારોમાંથી



સરહદી વિસ્તારોમાં તીડનો આતંક હતો હવે રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા-મેઘરજ તાલુકાના સરહદી વિસ્તારોમાં રણતીડના ત્રાટકવાની દહેશત પેદા થતા ઉનાળુ ખેતી કરનાર ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. જીલ્લા ખેતીવાડી વિભાગે સરહદી વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોને રણતીડની ઓળખ અને તેના નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચારેકોર કોરોનાનો કહેર રાજયના કચ્છ અને બનાસકાંઠા વિસ્તારમાં ફેલાયેલા તીડના ભય બાદ અરવલ્લી જિલ્લામાં તીડ ત્રાટકવાની સંભાવનાના પગલે લોકડાઉનમાં દયનિય હાલતમાં મુકાયેલા ખેડૂતો ચિંતિત બન્યા છે. ભિલોડા-મેઘરજના સરહદી ૨૮ ગામોમાં ખેતીવાડી વિભાગે ૧૦ જુદી જુદી ટિમ બનાવી રણતીડ ત્રાટકે તો તેના નિયંત્રણ માટે રણનીતિ બનાવી હતી. ખેડૂતોને રણતીડની ઓળખ અને તેના નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને રણતીડ ત્રાટકે તો તેના નિયત્રંણ માટે કૃષિ વિભાગે ફૂટ સ્પ્રેયર અને ટેન્કર દ્વારા દવા છંટકાવ કરવા તડામાર તૈયારીઓ આદરી દીધી છે.

ભિલોડા તાલુકાના બોરનાલા ગામે તીડ જેવા તીતીઘોડાના ઝુંડના ઝુંડ જોવા મળતા ગ્રામજનો અને ખેડૂતોમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને બોરનાલા ગામે તીડ ત્રાટક્યા હોવાની ચગદોળે ચડેલી ચર્ચા ને લઈ જિલ્લાના ખેડૂતોમાં ભય પ્રસર્યો હતો અને માહિતીની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા ખેતીવાડી વિભાગની ટીમ બોરનાલા ગામે પહોંચી હતી પરંતુ તીડ નહી તીતીઘોડા હોવાનું જોવા મળતાં જ તંત્ર સહિત ખેડૂતોએ મોટી રાહત અનુભવી હતી.

### વિમાની દુર્ઘટના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિમાનના વિસ્તારમાં ટકરાતાં ઘરોમાં આગ લાગી અને વિસ્ફોટોનો અવાજ સંભળાયો. શેરીમાં ઘણું ધૂમ્રપાન હતું કે કંઈપણ જોવું મુશ્કેલ થઈ ગયું. આશરે અડધો ડઝન મકાનોને નુકસાન થયું હોવાનું કહેવાય છે. પાકિસ્તાનના ફાયર બ્રિગેડના વાહનો આગ હેઠળ છે. સાંકડી ગલીઓ હોવાને કારણે ફાયર બ્રિગેડને બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલી પડી રહી છે. પાકિસ્તાની ન્યૂઝ ચેનલ જિઓ ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે વિમાનને ચીની કંપની પાસેથી લીઝ પર અપાયું હતું. જો કે, પાકિસ્તાની ન્યૂઝ વેબસાઈટ, ધ નેશન અનુસાર, એરબસ એ ૩૨૦ ને ગયા વર્ષે નવેમ્બરમાં પીઆઈએના કાફલામાં સામેલ કરાઈ હતી. ૨૨ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ પ્રકાશિત એક સંબંધિત સમાચારમાં, એમ કહેવામાં આવ્યું છે કે પીઆઈએ એએલેફકો એવિએશન લીઝ એન્ડ ફાઈનાન્સ કંપની પાસેથી ડ્રાય લીઝ લીધી છે. સમાચારોમાં સમાચાર છે કે પ્રથમ વિમાન કરાચી એરપોર્ટ પહોંચ્યું હતું. તે પછી એવું કહેવામાં આવ્યું હતું કે વર્ષના અંત સુધીમાં અન્ય વિમાન પહોંચાડવામાં આવશે. નોંધપાત્ર વાત એ છે કે, અલાફકો કુવૈતની કંપની છે, જે ભાડે આપતી વિમાનનો વ્યવસાય કરે છે. એરબસ વેબસાઈટ મુજબ, એ ૩૨૦ વિમાન માર્ચ ૧૯૮૪ માં લોન્ચ કરવામાં આવ્યું હતું. તેણે ૨૨ ફેબ્રુઆરી, ૧૯૮૭ ના રોજ તેની પ્રથમ ઉડાન શરૂ કરી હતી અને એપ્રિલ ૧૯૮૮ માં પ્રથમ વખત એર ફ્રાન્સ દ્વારા શામેલ કરવામાં આવ્યું હતું. એ ૩૨૦ વિમાનના ઘણા પ્રકારો છે. કંપની આ વિમાનમાં પ્રમાણમાં ઓછા બળતણ વપરાશનો દાવો કરે છે. જ્યાં અકસ્માત થયો હતો ત્યાં કેટલાક મકાનો અને કારને નુકસાન પહોંચ્યું છે. બચાવકર્તાઓ અને પોલીસ અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે બરબાદ થયેલા ઘરોમાંથી ઓછામાં ઓછા ચાર મૃતદેહો બહાર કાઢવામાં આવી છે, જ્યારે કેટલાક ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. સીએએએ કહ્યું કે, પાકિસ્તાની સેના અને વાયુસેનાએ બચાવ અને રાહત કામગીરીમાં મદદ માટે તેમની ટીમો મોકલી છે.

### ૭૦ લાખ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩,૩૩૪ દર્દીઓ સાજા થયા છે. મૃત્યુ દર ૨.૦૨% છે. આઈસીએમઆર દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં કહેવામાં આવ્યું હતું કે દેશમાં દરરોજ નમૂના પરીક્ષણની સંખ્યામાં વધારો કરવામાં આવી રહ્યો છે અને અત્યાર સુધીમાં ૨૭ લાખ ૫૫ હજાર ૭૧૪ પરીક્ષણો લેવામાં આવ્યા છે. આજે ચોથો દિવસ હતો જયારે ૧ લાખથી વધુ પરીક્ષણો લેવામાં આવ્યા હતા. દેશમાં આરોગ્ય સુવિધાઓની વિગતો આપતાં, એનઆઈટીઆઈ આયોગના સભ્ય, ડ ફ.વી.કે. પઁક્રૈક્ષ્લે કહ્યું છે કે દેશમાં કોરોના વાયરસ સામે વ્યવહાર કરવા માટે પૂરતી વ્યવસ્થા છે. ડ ક્વ્ફિ. પોલના જણાવ્યા મુજબ રાજ્યોને ૩૦ લાખ

પી.પી.ઈ કીટ આપવામાં આવી છે. કોવિડના કિસ્સામાં, વેન્ટિલેટર આવશ્યક નથી. પહેલા આપણે વિચારતા હતા કે વેન્ટિલેટર વધુ જરૂરી છે. પોલે કહ્યું કે દેશમાં ૮૦ ટકા કોરોના કેસ ૫ રાજ્યોમાં છે. ૧૦ રાજ્યોમાં ૯૦ ટકા કેસ. ૫ શહેરમાં ૬૦%, ૧૦ શહેરમાં ૭૦%, ૫ રાજ્યોમાં ૮૦%. તેમણે કહ્યું, ×આપણે ખૂબ સાવચેત રહેવું જોઈએ. અમે હાલમાં સામાજિક અંતર હળવી કરી શકતા નથી. દેશમાં કોરોનાને ઝડપથી ફેલાતા અટકાવવા માટે લોકડાઉનનો વિશેષ પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે લોકો લોકડાઉન ન કરતા હતા તેઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ઘણા દિવસોથી લોકડાઉન થાય છે. ચાલી પણ નથી શકતા. જીવન દોડવું પડે છે. × ડો.પૌલે જણાવ્યું હતું કે આજ સુધીમાં ૧ કરોડ લોકોની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત સારવાર કરવામાં આવી છે. તેમણે કહ્યું, ×ભારતે ઈરાદાપૂર્વક લોકડાઉનનો નિર્ણય લીધો. ઘણા દેશોએ નિર્ણય લીધો, પરંતુ ઘણાએ વિલંબ કર્યો. આપણા દેશએ સમયસર નિર્ણય લીધો. ૩ એપ્રિલ સુધીમાં કેસની ગતિ ઝડપી હતી. ૪ એપ્રિલ આસપાસ લોકડાઉન. ગતિને કારણે ઘટાડો થયો હતો.કેસો વધી રહ્યા છે, હજી પણ જો તે જ ગતિ હોત તો સંખ્યા ઘણી વધારે હોત.